અમદાવાદના એડીશ્નલ સિટી સેશન્સ જજશ્રીની કોર્ટમાં,
અદાલત નંબરઃ ૨૨, અમદાવાદ.

**ક્રી.પ.અરજી નંબર–૩૧૯/૨૦૨૪**

---

**સાગર સંજયભાઈ નટવરભાઈ પટણી (માનવાળા)** **વિરુદ્ધ** **શ્રી સરકાર**

..............................................................................................

**અરજદાર તરફે વિ.વ.શ્રી એમ.એમ.પટણી**
**સરકાર તરફે વિ. એડી.પી.પી. સુશ્રી વી.કે.રાવ**

---

**આંક–૦૧ જામીન અરજી લગત હુકમઃ–**

૦૧. અરજદાર/આરોપી શાહીબાગ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર–૧૧૧૯૧૦૩૧૨૩૧૦૪૩/૨૦૨૩, ઈ.પી.કો. કલમ–૩૦૭, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) ના કામે તેઓની ધરપકડ થવાની દહેશત જણાતી હોય, ક્રી.પ્રો. કોડની કલમ–૪૩૮ મુજબ આગોતરા જામીન પર મુકત કરવાની વિનંતી સાથે હાલની જામીન અરજી કરેલી છે.

૦૨. ત.ક.અધિકારીશ્રીએ સોગંદનામુ તથા તપાસના પેપર્સ રજૂ કરેલ છે.

૦૩. અરજદાર તરફે વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ છે કે, અરજદાર નિર્દોષ છે. અરજદાર નાની ઉંમરના છે. તેઓ સ્થાનિક રહીશ છે. તેઓનો કોઈ ગુનાહિત ભૂતકાળ નથી. તેઓ નામ.કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરશે. મુખ્ય આરોપીને આ કામે જામીન પર મુક્ત કરેલા છે. આ કામે ક્રોસ કેસ છે. ફરિયાદપક્ષના સગાઓએ લોખંડના પાઈપ અને લાકડી વડે આરોપી પક્ષના સાહેદોને ઈજા કરેલી છે. આથી, અરજદારને આગોતરા જામીન પર મુક્ત કરવા વિનંતી છે.

૦૪. સરકારપક્ષે રજૂઆત કરેલ છે કે, અરજદાર સામે ગંભીર ગુનાનો આક્ષેપ છે. આ ગુનાની તપાસ ચાલી રહી છે. સહઆરોપીને જામીન પર મુક્ત કરેલા છે તેમનો રોલ અલગ છે. અરજદારે ઈજા પામનારને ગંભીર ઈજા છરી વડે કરેલાનો આક્ષેપ છે. આથી અરજી નામંજૂર કરવા કોર્ટને વિનંતી કરેલ છે.

૦૫. બંને પક્ષકારની રજૂઆત તથા ત.ક.અધિકારીનું સોગંદનામુ તેમજ તપાસ ના પેપર્સ વંચાણે લેતા, નીચે મૂજબના કારણોસર અરજદારને આગોતરા જામીન પર છોડવા યોગ્ય જણાતુ નથી,

**૧. આ કામે ફરિયાદી તથા સાહેદ ચાલીમાં આવેલ ખુલ્લા ચોકમાં બેસી વાતો કરતા હતા. તે દરમ્યાન મુખ્ય આરોપી તેમની આગળ ઉભા રહી ગંદી ગાળો બોલતા હોય, ગાળો બોલવાની ના પાડતા બોલાચાલી થયેલી. તે બાદ આરોપીના દિકરાઓને ખબર**

**પડતાં તેઓ ત્રણ જણા આવી ગયેલા અને ફરિયાદી તથા સાહેદ સાથે ઝગડો કરેલો. તે વખતે ફરિયાદીનો ભાઈ આકાશ પણ આવી ગયેલ. અને ઝગડો ન કરવા સમજાવવા જતાં અરજદાર આરોપી સાગરે તેની પાસેની છરી કાઢી ફરિયાદીને જમણા હાથના બાવડાના ભાગે મારી દીધેલી. અને અન્ય આરોપીએ લાકડાના દંડા વડે જમણી બાજુ બરડાના ભાગે મારેલ. તેમજ ફરિયાદીનો ભાઈ આકાશ અને સાહેદ ધવલ છોડાવવા માટે વચ્ચે પડતા સહ અરજદારે આકાશને પેટમાં ડાબી બાજુ તથા જમણી બાજુ પડખાના ભાગે છરીના ઘા મારેલા અને પગે જાંઘના ભાગે એક ઘા મારી દીધેલ.**

**૨. હાલના અરજદારનો ગુનાહીત ભૂતકાળ નથી. આ ગુનાની સંપૂર્ણ હકીકત ધ્યાને લેતા, મુખ્ય ઈજા કરનાર પૈકી અરજદાર છે. અરજદારે છરી વડે ઈજા કરેલી છે.**

**૩. અરજદારે ઈજા પામનારને પેટના ભાગે ઈજા કરેલ હોવાની હકીકત છે. ગુનો અતિ ગંભીર છે. અરજદારની કસ્ટોડીયલ ઈન્ટેરોગેશન જરૂરી છે. આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તપાસ યોગ્ય રીતે આગળ થઈ શકે તેમ જણાતું નથી. સહ આરોપીને રેગ્યુલર જામીન આપેલા, તેમજ અન્ય આરોપીને આગોતરા જામીન આપેલા તેમનું એફ.આઈ.આર. મા નામ ન હતુ. તેમનો રોલ પણ કલીયર થતો ન હતો. પરંતુ આ અરજદારની હકીકત અલગ છે.**

૦૬. ઉપરોકત મુજબના કારણોસર અરજદારે ગુનામાં છરી જેવા હથિયાર ઉપયોગ કરેલ હોવાનુ રેકર્ડ પર છે. ક્રોસ એફ.આઈ.આર. નોંધાયેલી છે. પરંતુ અરજદારે ઈજા પામનારને છરી વડે ઈજા પેટના ભાગે ગંભીર ઈજા કરેલ છે. આથી અરજદાર તરફેની રજૂઆત સ્વીકારવા નથી. આથી જામીન નાઅરજી મંજૂર કરતો નીચે મુજબ હુકમ કરું છું.

**– :: હુ ક મ :: –**

**૦૧.** ક્રો.પ.અરજી નં.૩૧૯/૨૦૨૪ અરજદાર આરોપી **સાગર સંજયભાઈ નટવરભાઈ પટણી (માનવાળા)** ને શાહીબાગ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર – ૧૧૧૯૧૦૩૧૨૩૧૦૪૩/ ૨૦૨૩, ઈન્ડિયન પીનલ કોડની કલમ–૩૦૭, ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) વગેરે મુજબના ગુનાના કામે ક્રી.પ્રો. કોડની કલમ–૪૩૮ અન્વયે આગોતરા જામીનની અરજી નામંજૂર કરવામાં આવે છે.

**૦૨.** સદરહુ હુકમની સંબંધિત પોલીસ સ્ટેશનને આદેશનું પાલન કરવા તથા જાણ સારુ યાદી કરવી.

આ હુકમ આજ રોજ તા.૦૫ માહે ફેબ્રુઆરી સને–૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૫–૦૨–૨૦૨૪
અમદાવાદ

(મનોજ ભાઈલાલભાઈ કોટક)
એડી.સેશન્સ જજ, કોર્ટ નં.૨૨
સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ,
યુનિક કોડ નં.જી.જે.૦૦૭૧૮

Mkm(ps)